**મુકેશ આંજણા**
ચેરમેન ગુજરાત પ્રદેશ યુવા કોંગ્રેસ મીડીયા વિભાગ

**અખબારી યાદી** **તા. ૧૭-૦૯-૨૦૨૬**

- **ગુજરાત પ્રદેશ યુવા કોંગ્રેસ દ્વારા “મેરી ડિગ્રી કા ક્યાં ?” અભિયાનની શરૂઆત**
- **રોજગારથી વંચિત રાખવાનું પાપ કરતી ભાજપ સરકાર : ડૉ. પ્રવીણસિંહ વણોલ**
- **મોંઘા શિક્ષણ પછી પણ યુવાનોને રોજગારથી વંચિત રાખવામાં આવી રહ્યાં છે. : ડૉ. પ્રવીણસિંહ વણોલ**
- **એક યુવાન નોકરી નથી માંગતો પણ પોતાના માતા-પિતાનો સહારો બનવાની તક માંગી રહ્યો છે: ડૉ. પ્રવીણસિંહ વણોલ**
- **ગુજરાતમાં સરકારી નોકરીની દોઢ લાખ કરતા વધુ ખાલી જગ્યા તાત્કાલીક ધોરણે ભરવાની માંગ યુવા કોંગ્રેસ કરશે : ડૉ. પ્રવીણસિંહ વણોલ**
- **દર વર્ષે બે કરોડ યુવાનોને નોકરી આપવાનો સરકારે વાયદો કર્યો હતો પરંતુ ૫૦ લાખ ખાલી પદ પણ ભાજપ સરકાર ભરી શકી નથી : ડૉ. પ્રવીણસિંહ વણોલ**
- **‘મેરી ડિગ્રી કા ક્યાં ?’ અભિયાન એક વર્ષ સુધી ચાલશે : ડૉ. પ્રવીણસિંહ વણોલ**

દેશમાં નરેન્દ્ર મોદી વડાપ્રધાન બન્યા ત્યારથી બેરોજગારીનો પ્રશ્ન સતત ગંભીર બન્યો છે. આજે વડાપ્રધાન નરેન્દ્ર મોદી પોતાનો જન્મદિવસ ઉજવી રહ્યા છે, ત્યારે બીજી તરફ દેશ અને ગુજરાતના એવા અનેક યુવાનો છે, જેમણે મહેનત કરીને ડિગ્રી મેળવી છે, પરંતુ તેમની પાસે રોજગાર નથી. દેશમાં દિવસેને દિવસે વધી રહેલી બેરોજગારી વચ્ચે 'મેરી ડિગ્રી કા ક્યા ?' અભિયાનની શરૂઆત ગુજરાત પ્રદેશ યુવા કોંગ્રેસ દ્વારા કરવામાં આવી છે. આ અભિયાન અંગે આજે અમદાવાદના રાજીવ ગાંધી ભવન ખાતે યોજાયેલી પત્રકાર પરિષદમાં ગુજરાત પ્રદેશ યુવા કોંગ્રેસના પ્રમુખ ડૉ. પ્રવીણસિંહ વણોલે માહિતી આપી હતી.

ગુજરાત પ્રદેશ યુવા કોંગ્રેસના પ્રમુખ ડૉ. પ્રવીણસિંહ વણોલે જણાવ્યું હતું કે, ભાજપ સરકાર દ્વારા યુવાનોને રોજગાર આપવા માટે કોઈ નક્કર આયોજન કરવામાં આવ્યું નથી. સરકારી વિભાગોમાં મોટી સંખ્યામાં જગ્યાઓ ખાલી હોવા છતાં સમયસર ભરતી કરવામાં આવતી નથી. દર વર્ષે સરકારી નોકરીઓની ભરતી અંગેનું કેલેન્ડર જાહેર કરવાની પણ સ્પષ્ટ વ્યવસ્થા કરવામાં આવે તેવી માંગણી કરી હતી.

આ અભિયાન અંતર્ગત ગુજરાતના યુવાનોના પ્રશ્નોને એકત્રિત કરી સરકાર સમક્ષ રજૂ કરવામાં આવશે અને સરકારી નોકરીની ખાલી જગ્યાઓ તાત્કાલિક ભરવા, નિયમિત ભરતી પ્રક્રિયા શરૂ કરવા તથા ભરતી કેલેન્ડર જાહેર કરવાની માંગ કરવામાં આવશે.

દેશમાં 50,05,850થી વધુ ખાલી સરકારી જગ્યાઓ એક વર્ષમાં ભરવાની માંગ ગુજરાત પ્રદેશ યુથ કોંગ્રેસના પ્રમુખ ડૉ. પ્રવીણસિંહ વણોલે વડાપ્રધાન નરેન્દ્ર મોદી પર આકરા પ્રહાર કરતા જણાવ્યું હતું કે, ભારત દેશમાં બેરોજગારોની સંખ્યા દિવસેને દિવસે વધી રહી છે. એક તરફ દેશના યુવાનોને રોજગારીની જરૂરિયાત છે, ત્યારે બીજી તરફ વર્તમાન સરકાર યુવાનોને પૂરતી રોજગારી આપવાને બદલે રોજગારીની તકો છીનવી રહી છે. “દેશમાં ભીષણ બેરોજગારીથી યુવાનો ત્રસ્ત થઈ ચૂક્યા છે અને નોકરીઓની અછતને કારણે યુવાનોમાં નિરાશા વધી રહી છે. રોજગારથી વંચિત રાખવાનું પાપ ભાજપ સરકાર કરી રહી છે. મોંઘા શિક્ષણ પછી પણ યુવાનોને રોજગારથી વંચિત રાખવામાં આવી રહ્યાં છે.

વડાપ્રધાનના જન્મદિવસના દિવસે આ અભિયાનની શરૂઆત કરતાં ડૉ. પ્રવીણસિંહ વણોલે કહ્યું કે, એક તરફ વડાપ્રધાન પોતાની ડિગ્રીને લઈને ચર્ચામાં રહે છે, જ્યારે બીજી તરફ દેશનો યુવા વર્ગ અનેક ડિગ્રીઓ અને વર્ષોની મહેનત છતાં રોજગારી માટે દર-દર ભટકવા મજબૂર છે.

એક સામાન્ય પરિવાર પોતાના બાળકોના શિક્ષણ માટે મુશ્કેલીઓ સહન કરીને, ઘણી વખત દેવું કરીને ફી ભરે છે. પરિવારને આશા હોય છે કે શિક્ષણ અને ડિગ્રી તેમના બાળકના ઉજ્જવળ ભવિષ્યનો આધાર બનશે. પરંતુ આજે ડિગ્રી મેળવી ચૂકેલા લાખો યુવાનો રોજગારીની શોધમાં ભટકી રહ્યા છે.

દર વર્ષે કરોડો નોકરીઓ આપવાના વાયદાઓ વચ્ચે આજે લાખો મંજૂર સરકારી જગ્યાઓ ખાલી કેમ છે? જ્યારે દેશના કરોડો યુવાનો લાયકાત ધરાવે છે, ત્યારે સરકારી જગ્યાઓ ખાલી કેમ રાખવામાં આવી રહી છે? - એવો સવાલ ડૉ. પ્રવીણસિંહ વણોલે ઉઠાવ્યો હતો. એક યુવાન માત્ર નોકરી નથી માંગતો. તે પોતાના માતા-પિતાનો સહારો બનવાની તક માંગે છે. તે પોતાના પરિવારની આર્થિક સ્થિતિ બદલવાની તક માંગે છે. તે વર્ષોની પોતાની મહેનત અને ડિગ્રીનું સન્માન માંગે છે. આ માત્ર બેરોજગારીનો સવાલ નથી. આ દેશના યુવાનોના ભવિષ્યનો સવાલ છે. યુવા કોંગ્રેસની માંગ સ્પષ્ટ છે કે, દરેક ખાલી સરકારી જગ્યાઓ માટે સમયબદ્ધ ભરતી કેલેન્ડર જાહેર કરવામાં આવે. ભરતી પરીક્ષાથી લઈને નિમણૂક સુધીની સમગ્ર પ્રક્રિયા માટે નિર્ધારિત સમયમર્યાદા નક્કી કરવામાં આવે. મંજૂર જગ્યાઓ સામે ખાલી પડેલી સરકારી જગ્યાઓ પર તાત્કાલિક ભરતી પ્રક્રિયા શરૂ કરવામાં આવે.

ડૉ. પ્રવીણસિંહ વણોલે વધુમાં કહ્યું , "તમારી મહેનત વ્યર્થ ન જવી જોઈએ. તમારા સપનાની કિંમત છે. તમારા સમયની કિંમત છે અને તમારા ભવિષ્યની પણ કિંમત છે."

આગામી એક વર્ષ દરમિયાન યુવા કોંગ્રેસ દેશભરમાં આ અભિયાનને આગળ વધારશે અને તમામ ખાલી સરકારી જગ્યાઓ ભરવાની માંગ સાથે લોકતાંત્રિક રીતે વિવિધ કાર્યક્રમો અને આંદોલનો કરશે. નૌકરી માર્ચ, ડિગ્રી માર્ચ જેવા કાર્યક્રમો દ્વારા યુવાનોને આ અભિયાન સાથે જોડવામાં આવશે.

જો એક વર્ષમાં ખાલી સરકારી જગ્યાઓ ભરવામાં નહીં આવે તો યુવા કોંગ્રેસ દ્વારા સરકાર સમક્ષ વધુ ઉગ્ર લોકતાંત્રિક આંદોલન કરવામાં આવશે અને જરૂર પડ્યે મુખ્યમંત્રી રોજગાર અને ન્યાય માટેની દેશવ્યાપી લોકતાંત્રિક માંગ બની રહ્યો છે..

આ પ્રસંગે ઉપસ્થિત ગુજરાત પ્રદેશ યુવા કોંગ્રેસના ઉપપ્રમુખ ઉવેશ મંસુરી, ગુજરાત પ્રદેશ યુવા મહામંત્રી ગૌરાંગ મકવાણા, અમદાવાદ શહેરના બહેતર શહેરના પ્રભારી રાહુલ બઘેલ, ગુજરાત પ્રદેશ મીડીયા વિભાગના ચેરમેન મુકેશ આંજણા સહિત આગેવાનો ઉપસ્થિત રહ્યાં હતાં.

(મુકેશ આંજણા)
મો. ૯૭૨૩૪૫૮૧૫૮